
નવેમ્બર ૨૦૧૨ વર્ષ ૫ અંક ૬

શ્રી રામચંદ્ર મિશન

India ECHOES
ONE WORLD ONE HUMANITY




# પૂ. ગુરૂજીનો અહેવાલ

15મી ઓગસ્ટે જેવી અસામાન્ય સભા સમાપ્ત થઈ, પૂજ્ય ગુરૂજી રાહત અનુભવતા દેખાતા હતા પરંતુ તેઓ હંમેશની જેમ સતેજ તો હતા. 16મી એ સવારે તેમણે કુટીરમા હાજર અભ્યાસીઓને તે સૌએ ગોલ્ડન બુકમાં સહી કરેલ છે તેની ખાત્રી કરી લેવા કહ્યું, તેમજ તેઓની સહી કરવાની સગવડ ખાતર તેમણે સ્વયં સેવકના ઈન્ચાર્જને કુટીરમા બોલાવ્યો અને ત્યાં હાજર દરેક અભ્યાસીઓને હળવો ઠપકો આપ્યો. આ પ્રસંગ તેમની કાર્યપૂર્ણતા માટેની પ્રતિબધ્ધતા દર્શાવે છે પછી ભલે તે કામ ગમે તેટલુ નાનું કેમ ન હોય.

પૂજ્ય ગુરૂજીની તબિયત સંતોષકારક ન હોવા છતાં પણ તેઓ નિત્યક્રમ પ્રમાણે કરવાનું રોજિંદું કામકાજ કરે છે. સવારને સમય તેઓ દરરોજ સવારે આવતા અંગ વ્યાયામ ચિકિત્સક (ફિઝિઓથેરાપીસ્ટ) સાથે ગાળે છે. સામાન્યરીતે અંગ વ્યાયામ પછી તેઓ થોડો સમય આરામ કરે છે. તેઓ નિત્યક્રમ પ્રમાણે દરરોજનો તેમનો સવારનો નાસ્તો કરે છે અને પછી તેમને સમાચાર વાંચી સંભાળવવામાં આવે છે. ત્યારબાદ તેઓ ઈમેઈલ વાંચવામાં અને તેમના અન્ય કાર્યમા સમય પસાર કરે છે. સાંજના ફરીથી અંગ વ્યાયામ ચિકિત્સક સાથે બેઠક હોય છે અને તે પછી ક્યારેક થોડા અંતર માટે ચાલીને કે પછી વ્હીલચેરમાં બેસી આંટો મારે છે અથવા અભ્યાસીઓ સાથે બેસે છે. શરૂઆતના સમયમાં તેઓ ચાલવા માટે વોકરનો ઉપયોગ કરતા પણ પછીથી તેઓ તેમની લાકડીથી થોડું ચાલવાનો પ્રયત્ન કરતા થયા છે. આ બધું એ બતાવે છે કે પૂજ્ય ગુરૂજીની તબિયતમાં ધીમો પણ સ્થિરપણે સુધારો થઈ રહ્યો છે.

એકવાર, પૂજ્ય ગુરૂજી વ્હીસ્પરનો સંદેશ સાંભળી રહ્યા હતા. જેમાં આપણા બધા વચ્ચે એકતા ટકાવવા ઉપર ભાર મૂક્યો હતો. પૂજ્ય ગુરૂજી પણ આપણા સત્સંગમા એકતા અને સુમેળની જરૂરિયાત ઉપર ભાર મૂકવાનું જણાવે છે.

20મી અને 21મી ઓગસ્ટે પૂજ્ય ગુરૂજીની એક ખાસ પ્રકારની દાકતરી તપાસ અને સારવાર કરવામાં આવી હતી જેના પરિણામ હકારાત્મક હતા.





એક દિવસ બપોરે પૂજ્ય ગુરૂજીને અચાનક જ તેમણે થોડા વર્ષો પહેલા જોયેલી ફીલ્મ યાદ આવી કે જે તેમણે યુરોપમા થિયેટરમાં જોયેલ બે ફીલ્મોમાંની એક હતી. આ ફીલ્મ તેમણે પેરીસમાં તે દીવસે જોઈ હતી, જે દીવસે તેમણે સોરબોન યુનિવર્સિટીમા સહજમાર્ગ અંગે વિધિસર પરિચય આપ્યો હતો એ ફીલ્મ હતી "મનીકા – ધ ગર્લ હુ લીવ્ડ ટ્વાઈસ", જેની વાર્તા પુનર્જન્મ ઉપર આધારીત હતી. જ્યારે પૂજ્ય ગુરૂજીએ તે ફીલ્મ જોઈ ત્યારે તેઓ તેમા સંપૂર્ણપણે એકાતુર થઈ ગયા હતા.

26મી ઓગસ્ટ, રવિવારે સવારના 11 વાગ્યાની આસપાસ પૂ. ગુરૂજીએ આશ્રમની આસપાસ 45 મિનિટનો આંટો માર્યો હતો. તેમણે કહ્યું કે "મને એવું લાગે છે જાણે કે મને કેદ કરી દીધો હોય અને હવે હું ફરીથી તેમાંથી બહાર હરીફરી શકુ છું." તેમણે કેન્ટીન, રસોડાની અને લાયબ્રેરી ના ભોંયતળિયાની મુલાકાત લીધી અને તેમાં આવેલ કસરતના સાધનો જોયા. તેઓ ધ્યાનકક્ષમા પણ ગયા હતા જ્યાં ભાઈ શ્રી જેકી સાથે ત્યાંના નવીનીકરણના કાર્યની પ્રગતિ અંગે ચર્ચા કરી હતી. ત્યારબાદ થોડા સમય માટે તેમણે તેમની કુટીરના વરંડામાં આરામ કર્યો અને તેમનું સવારનું ભોજન, ભોજનખંડમાં લેવાનું નક્કી કર્યું કે જ્યાં તેઓ છેલ્લા 4 મહીનાથી પણ વધારે સમયથી જમ્યાં નહોતા. એક દીવસ પૂજ્ય ગુરૂજીએ અંગ વ્યાયામ પતી ગયા બાદ ડોક્ટરો સાથે ભાષા અંગે વાત કરતા જણાવ્યું કે "મેં જેમ પહેલા પણ કહ્યું છે તેમ, માણસના હૃદય સુધી પહોંચવાનો રસ્તો તેના પેટના માધ્યમથી નહીં પણ તેની જીભ દ્વારા છે. જો આપણે થોડા પણ શબ્દો વ્યક્તિની ભાષા જાણતા હોઈએ અને તેમાં બોલીએ તો તે તેના હૃદયને સ્પર્શી જશે" પૂજ્ય ગુરૂજીએ, અરેબીક ભાષામાં થોડા વાક્યો બોલી ત્યાં હાજર દરેક ને દંગ કરી દીધા હતા. તેઓ અંગ વ્યાયામથી ખરેખર થાકી ગયા હતા અને કહ્યું કે "હવે જો કોઈ મને થોડા પણ પગલા ચાલવાનું કહે તો હું સૂઈ જઈશ."

29મી ઓગસ્ટ્ને બુધવારે, પૂજ્ય ગુરૂજીની 24 કલાકની કાર્ડિયાક







તપાસ અર્થે યંત્રો તેમની છાતી ઉપર લગાવવામાં આવ્યા હતા. તેમને તેમની દૈનિક ક્રિયાઓ કરવાની છૂટ આપવામા આવી હતી તેથી તેમણે સાંજના વ્હીલચેરમાં બેસી આંટો મારવાનું પસંદ કર્યું હતું. પણ જેવો ઝરમર વરસાદ શરૂ થયો કે તેઓ પાછા વળ્યા અને કુટીરના વરંડામાં બેઠા. પૂજ્ય ગુરૂજીએ વામન અવતાર અને શંકરાચાર્યની વાર્તા યાદ કરી અને કેવી રીતે શંકરાચાર્યે તેમની આંખો ગુમાવી તે પ્રસંગ યાદ કરી. ત્યાં બેઠેલની મજાક કરતાં કહ્યું કે અહીં કોમ્પ્યુટર નિષ્ણાતો બેઠેલા છે પણ તેઓને ભૂતકાળની આ વાર્તાઓની જાણકારી નથી.

બહેન અલ્લા અને ભાઈશ્રી ઈગોરે સતખોલ ઉપર એક દસ્તાવેજી ફીલ્મ તૈયાર કરી છે કે જેનુ શિર્ષક છે, "ધ ગોલ્ડન સાયલેન્સ ઓફ સતખોલ." તેમણે એ ડીવીડી પૂજ્ય ગુરૂજીને આપી જે જોવાની તેમણે ઈચ્છા દર્શાવી. પૂજ્ય ગુરૂજી જ્યારે તેને આતુરતાપૂર્વક જોઈ રહ્યા હતા, ત્યારે અચાનક જ વાતાવરણ બદલાઈ ગયું અને ત્યાં જોઈ રહેલ સૌને તેઓ જાણે સતખોલ પહોંચી ગયા હોય તેવો અનુભવ થયો.

11મી સપ્ટેમ્બરે "ગાયત્રી ના બાંધકામની શરૂઆત થઈ તેની 50મી વર્ષગાંઠ હતી તેથી પૂજ્ય ગુરૂજીએ જણાવ્યું કે તેઓએ તે ઉજવવાનું નક્કી કરેલું પણ તેમની તબિયતને કારણે તે શક્ય ના બન્યું. વાતમાં ને વાતમાં, પૂજ્ય ગુરૂજીએ અવલોકિત કરતાં જણાવ્યું કે "પત્નીનું મુખ્ય લક્ષણ એ છે કે તે પ્રેમાળ હોય, તેને રસોઈ આવડતી હોય અને તે છોકરાઓનો ઉછેર કાળજીપૂર્વક કરી શકે તેમ હોય. આજે લોકોને સુંદર પત્ની જોઈએ છે અને પછી ઈર્ષા કરીએ છે કે બીજા લોકો તેની સામે જુએ છે."

એક અભ્યાસીએ પૂજ્ય ગુરૂજીને પૂછ્યું કે "તેઓ અભ્યાસીને મળવા અને તેમની આરામની જરૂરિયાત વચ્ચે કેવી રીતે સમતોલન જાળવે છે?" પૂજ્ય ગુરૂજીએ જણાવ્યું કે "હું મારા કાર્યને પ્રેમ કરૂં છું અને જ્યાં પ્રેમ હોય ત્યાં કોઈ સીમાઓ હોતી નથી." ત્યારબાદ, પૂજ્ય ગુરૂજીએ કાન્હા પ્રોજેક્ટની ટીમ સાથે ચર્ચા કરી અને આવનારા 30મી એપ્રિલ, 2013ના ભંડારાની તૈયારી માટે થોડાક સૂચનો કર્યા.

પૂજ્ય ગુરૂજી, ત્યારબાદ ધ્યાનકક્ષમા ચાલી રહેલ કાર્યનું નિરિક્ષણ કરવા ગયા અને પાછા ફરતા રસ્તામાં ડોર્મ એ માં ભાઈશ્રી રાઘવન કે જેઓ વિશાખાપટ્ટનમ થી આવેલ અભ્યાસીઓને ભાષણ આપી રહેલ તે સાંભળવા રોકાયા. પૂજ્ય ગુરૂજી 15 મિનિટની ટૂંકી પૂજાની બેઠક આપી અને પછી પોતાની કુટીરમાં પાછા ફર્યા.

પૂજ્ય ગુરૂજીએ કુટીરના બાંધકામનુ કામ થઈ શકે તે કારણે ભાઈશ્રી માધવ રેડ્ડીના ઘેર રોકાવાનો નિર્ણય કર્યો. ભાઈશ્રી માધવ રેડ્ડીના ઘરે રોકાવાનો તેમનો મુખ્ય આશય તેમને આરામ મળી રહે તે હતો કે જેથી તબિયતમાં સુધારો થાય, પણ તેમ છતાં તેમને મળવા અભ્યાસીઓ નો ધસારો સતત ચાલુ હતો. પૂજ્ય ગુરૂજી હંમેશા અભ્યાસીઓને મળવા સર્વોત્તમ પ્રયાસો કરે છે પણ તે સાથે આપણે સૌએ તે સમજવું આવશ્યક છે કે તેમને પણ આરામની જરૂરી છે જેથી તેમની તબિયતમાં સુધારો આવી શકે.

એક સાંજે, પૂજ્ય ગુરૂજી તેમના શયનખંડમાંથી લાકડીના ટેકે ચાલીને બહાર આવ્યા હતા તે સૂચવે છે કે તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. પૂજ્ય ગુરૂજી થોડીવાર બહાર બેઠા અને પછી પોતાની જાતે વ્હીલચેર ચલાવી પાછા ગયા. તેઓ હળવા મૂડમાં હતા અને તેઓએ પીડા અને વેદના ઉપર વાત કરી અને જણાવ્યું કે દરેકે કેવી રીતે રાજીખુશીથી તેનો સ્વીકાર કરવો જોઈએ કેમકે વિકાસ અને ઉન્નતિ માટે તે ઉચિત છે. પૂજ્ય ગુરૂજીએ કહ્યું કે તેઓ લાકડી થી એટલા માટે ચાલે છે કે જેથી તે આવનારી મુશ્કેલીઓનો સામનો કરી તેના ઉપર પ્રભુત્વ મેળવી શકે.











22મી સપ્ટેમ્બરે, શનિવારે સવારે પૂજ્ય ગુરૂજીના દાંતની તપાસ ચાલી હતી અને ત્યારબાદ તેઓ 11:30 વાગ્યા આસપાસ ડોર્મ એ માં ગયા હતા. ત્યાં તેઓ આંધ્રપ્રદેશના દરિયાઈ કાંઠાના વિસ્તારમાંથી આવેલ અભ્યાસીઓને મળ્યા સમય વેડફવો નહીં અને તેની અગત્યતા વિશે કહ્યું ત્યાર પછી તેઓએ એક નાની ધ્યાનની બેઠક આપવા કહ્યું. ગુરૂજીએ આપણી પાસે જે સમય હોય તેનો ઉપયોગ કરીને, પ્રગતિની પ્રાથમિકતા વિશે જણાવ્યું. તેમણે બધાંને યાદ રાખવા કહ્યું કે “વીતી ગયેલો સમય પાછો આવતો નથી.”

ઘણી વખત ગુરૂજી તેમની લાકડી વડે ચાલીને પહેલા હોલ સુધી આવતા અને અભ્યાસીઓ તેમની આજુબાજુ બેસતા. આવા જ એક અવસરમાં ઘણાં અભ્યાસીઓ આવ્યા હતા અને તેમની આજુબાજુ બેઠા. ગુરૂજી ઘણા થાકેલા અને નબળા જણાતા હતા પરંતુ તેમણે કંઈ પણ કહ્યા વગર ધ્યાનની બેઠક શરૂ કરી. લગભગ 15 મિનિટ પછી તેમણે “ધેટસ ઓલ” કહ્યું. ત્યાર પછી ગુરૂજીએ તુર્કીથી આવેલા અભ્યાસી યુગલની વાત સાંભળી કે જેઓ તુર્કીના મિશન વિશે સારા સમાચાર લાવ્યા હતા અને એ સમાચારે તેમને ખૂશ કરી દીધા હતા.

એક રવિવારે સવારે ગુરૂજીએ ભાઈ માધવનના ઘરે ધ્યાનની બેઠક આપી અને એજ સમયે આશ્રમમાં પણ સત્સંગ થઈ રહ્યો હતો. જ્યારે ભાઈ કમલેશે ગુરૂજીને કહ્યું કે ધ્યાનની બેઠક દરમ્યાન તે એક અલગ પ્રકારના ગ્રહણ સ્તરે પહોંચી હતી. ગુરૂજીએ કહ્યું કે તેઓ જ્યારે ધ્યાનની બેઠક આપી રહ્યા હતા ત્યારે, એક સમયે તેમણે બધાને આવરી લીધા હતા અને તેની આ અસર હતી.




શુક્રવાર, તા.28મી સપ્ટેમ્બરે ભાઈ કમલેશનો જન્મ દિવસ હતો અને ગુરૂજીએ પ્રસાદ ધરાવ્યો અને બધાને આપ્યો. સાંજે કોલકાતાના બધા અભ્યાસીઓ ભાઈ માધવનના ઘરની બહાર ભેગા થયા અને ગુરૂજી પણ બહાર આવ્યા અને થોડી મિનિટ માટે બેઠા. ગુરૂજીને મળતાની સાથે જ બધા અભ્યાસીઓએ કંઈક મેળવ્યાની લાગણી અનુભવી હતી. ચાઈનીઝ સેમીનારની શરૂઆત થઈ તે દરમ્યાન ચાઈનીઝ સેમીનારના વ્યવસ્થાપકોની ગુરૂજી સાથે મીટીંગ થઈ હતી અને તેઓએ સાપ્તાહિક કાર્યક્રમની ચર્ચા કરી હતી. ચીન અને ફાર ઈસ્ટથી આશરે 70 અભ્યાસીઓ આ સેમીનારમાં ભાગ લેવા આવ્યા હતા. 2જી ઓકટોબર મંગળવારના રોજ ગુરૂજી ડોર્મ–એમાં ચાઈનીઝ સેમીનારના સહભાગીઓ સાથે જોડાયા અને પૂજાની બેઠક આપી અને એક વાત કરી, જેમાં તેમણે કહ્યું “મારા કોલેજકાળ દરમ્યાન હું ચાઈનીઝ કલચર અને ફિલોસોફીથી આકર્ષાયો હતો અને હું 'તાઓ લી ચીંગ' અને 'એનેલ્કટસ ઓફ કોન્ફુચુસિયસ'ના પુસ્તકો મેળવવામાં સફળ થયો હતો. જેણે મને ખૂબ આકર્ષ્યો હતો તે પુસ્તક હતું 'આઈ–ચીંગ–ધ બુક ઓફ ચેન્જીસ'.” તેમણે એવું કહેતાં ફરીથી ચીન જવાની ઈચ્છા વ્યકત કરી કે “મેં તમારા દેશના ફકત એક કે બે સ્થળની મુલાકાત લીધી છે. જો મારા ગુરૂજી મને સંમતિ આપે તો હું ફરીથી ચાઈનાની મુસાફરી કરીશ, પરંતુ તમે જાણો છો એ ઘણું દૂર છે. પરંતુ કદાચ કોઈક દિવસ હું કોલકાતા થોડાક દિવસ આરામ કરવા જઈશ, તો હું કુનમીંગ જઈશ. અને ત્યારે અવશ્ય હું તમારા બધાની પાસે હોઈશ.” ગુરૂજીએ જણાવ્યું કે “ચાઈનીઝ અને ભારતીય લોકો પ્રાચીનકાળથી સભ્યતા, ફિલ્સુફી તથા ઐતિહાસિક પ્રસંગોનું આદાન–પ્રદાન કરતા અવ્યા છે. તમારે બધાએ આ વૃદ્ધ માણસને મળવા વારંવાર આવવું જોઈએ, તમે જાણો છો કે હું ચાઈનીઝ જાણતો નથી પરંતુ તમે જોશો કે મારા ગુરૂજીનો આભાર કે હું તમને સૌને મળવા થોડા શબ્દોની આપ લે કરવા સક્ષમ છું. હું આપ સૌને ઓકટોબર 2013ના સેમીનારમાં આવવા આમંત્રણ આપું છું.”

એક સાંજે રશિયાની અમુક બહેનો ગુરૂજીને મળવા અને તેમને એમ કહેવા આવી હતી કે તેઓ પાછી જઈ રહી છે અને તેમણે ગુરૂજીને કંઈક સંદેશો આપવા જણાવ્યું હતું. ગુરૂજીએ કહ્યું, “જુઓ, દુનિયાને બદલવી એ આપણું કાર્ય નથી. તે એક વૈશ્વિક કાર્ય છે. પરંતુ આપણે એક પછી એક ઘણાં લોકોને અહીં લાવીને તેમને મદદ કરી શકીએ, તમે જોશોકે, સ્વચ્છ હૃદય, પ્રેમાળ હૃદય અને ધીમે ધીમે બધું જ બદલાય છે. તમે તળાવમાં પથ્થર નાખો તો તરંગો ઉભા થાય છે, તેવી જ રીતે આપણે એવું ક્યારેય વિચારવું ન જોઈએ કે આપણું કામ મોટું કે નાનું છે, આપણે બસ કરવાનું છે. હું ઘણીવાર પૂ.બાબુજીને પૂછતો કે બાબુજી આપણે ઘણું બધું કરી રહ્યા છે, પરંતુ શું કંઈ પરિણામ આવશે? અને પૂ.બાબુજીએ કહ્યું “આવો પ્રશ્ન ક્યારેય ન પૂછ્શો. તેથી આપણે પરિણામ વિશે કયારે વિચારતા નથી, બસ કાર્ય કરો અને પરિણામ મળશે જ એવી આશા રાખો.”

# મણપાકકમમાં સેમીનાર






## સપ્ટેમ્બર 4 થી 9, 2012

અલાહાબાદ કેન્દ્રના લગભગ 630 અભ્યાસીઓ આ સેમીનારમાં ભાગ લેવા માટે આવ્યા હતા. સેમીનારમાં નિયમિત સત્સંગ ઉપરાંત રોજના કાર્યક્રમોમાં મિટીંગો અને કેટલાક પ્રસંગો થયા, તે સિવાય અભ્યાસીઓને ગુરૂજીને મળવાની લગભગ બે વાર તક મળી હતી. લગભગ બે દિવસ સાંજના સમયે બધા અભ્યાસીઓ ખૂબ જ શિસ્તતાપૂર્વક કુટીરની બહાર ભેગા થયા, અને ગુરૂજી તેમની વ્હીલ ચેરમાં બહાર આવ્યા અને બધા અભ્યાસીઓને મળ્યા. સંપૂર્ણ શાંતિ જાળવવામાં આવી હતી અને ગુરૂજી બધા સાથે લગભગ 10 થી 15 મિનિટ બેઠા હતા.

## સપ્ટેમ્બર 11 થી 16, 2012

વિશાખાપટ્ટનમ અને દાચીપલ્લી કેન્દ્રના અભ્યાસીઓએ આ અઠવાડિયામાં આશ્રમની મુલાકાત લીધી અને અભ્યાસીઓની સંખ્યા 530 હતી. ગુરૂજીએ એક વાર ડોર્મ–એની મુલાકાત લીધી અને થોડીક વાતો સેમીનારના ભાગરૂપે કરી.

## સપ્ટેમ્બર 18 થી 23, 2012

આ સેમીનાર આંધ્ર પ્રદેશના તટ વિસ્તાર સહિત, પૂર્વ ગોદાવરી, પશ્ચિમ ગોદાવરી અને કાક્કિનાડા કેન્દ્રના અભ્યાસીઓ માટે હતો. અભ્યાસીઓની સંખ્યા લગભગ 430 હતી. ગુરૂજી તા.22 મીએ બધા અભ્યાસીઓને મળ્યા. તેમણે પૂજાની બેઠક આપી અને વાતો કરી. રોજના સત્સંગ સિવાય ત્યાં દરરોજ અભ્યાસીઓ સાથે વાર્તાલાપ થતો અને અભ્યાસીઓએ દરેક પ્રસંગોમાં ભાગ લીધો હતો.

## સપ્ટેમ્બર 25 થી 30, 2012

કોલકાતા પશ્ચિમ બંગાળ, સિક્કીમ અને ત્રિપુરાના અભ્યાસીઓ એક સાથે આ સેમીનારમાં ભાગ લેવા માટે ભેગા થયા હતા. ભાઈ કમલેશે આ અને બાકીના બધા સેમીનારોમાં ખૂબ જ સક્રિયતાથી ભાગ લીધો. તેમણે કેટલીક વાતો કહી.


જેમાંની એક મુખ્યત્વે ગુરૂજીની નજીક આવવા માટે તેમની ભૌતિક હાજરીની જરૂર નથી, પરંતુ તેમની આંતરિક હાજરી અને એવી સ્થિતિ મેળવીને બધું ગ્રહણ કરવું જોઈએ કે જે ગુરૂજી આપણા માટે આધ્યાત્મિકતાથી કરી રહ્યા છે. આમ છતાં ગુરૂજીએ અભ્યાસીઓને મળવાનો કાર્યક્રમ કર્યો હતો પરંતુ આશ્રમની બહાર ચાલતા રસ્તાના કામને કારણે તેઓ આવી શક્યા નહીં અને તેથી તેઓ આશ્રમની જગ્યાએ ભાઈ માધવનના ઘરે બધા અભ્યાસીઓને મળ્યા. ત્યાં એક દિવસ કલકત્તાના બધા અભ્યાસીઓ ગુરૂજીને મળવા ગયા હતા. બીજા દિવસે સિક્કીમના બધા અભ્યાસીઓ ગુરૂજીને મળવા ગયા હતા. આમ આ રીતે ગુરૂજીએ આધ્યાત્મિક કાર્ય તો કર્યુ, તે ઉપરાત વધારે પ્રયત્નો કરી, તેઓ બધા અભ્યાસીઓને પણ મળ્યા. લગભગ 460 અભ્યાસીઓએ આ સેમીનારમાં ભાગ લીધો હતો અને આશ્રમ બધા અભ્યાસીઓની હાજરીમાં ખૂબ જીવંત લાગતો હતો તથા બધા તાજગીનો અનુભવ કરી રહ્યા હતા.

## ઓકટોબર 2 થી 7, 2012

ચીન અને દૂર–પૂર્વના લગભગ 70 અભ્યાસીઓ છેક દૂરથી આ સેમીનારમાં ભાગ લેવા માટે આવ્યા હતા. જે પ્રસંગો થઈ રહ્યા હતા તેની માહિતી સમયાંતરે ગુરૂજીને આપવામાં આવતી હતી અને જ્યારે પણ જરૂર લાગે ત્યારે તેઓ માર્ગદર્શન આપતા હતા.









## 9 થી 14 ઓકટોબર,2012

ચેન્નાઈ બીએમએમાં 'તેમની' છત્રછાયા હેઠળ દિવ્ય ઉપસ્થિતિનો આનંદ માણવા લગભગ 530 અભ્યાસીઓ સદભાગી થયા હતા.

રોજના ત્રણ શક્તિશાળી સત્સંગોએ દરેકને તૃપ્ત કર્યા હતા. નિર્મળ વાતાવરણ, સ્વયંસેવકોનો ભક્તિભાવ, પ્રભાવશાળી ભાષણો અને આશ્રમની અંદરની શાંતિ આકર્ષક રહ્યાં હતાં. દરેકને તેની વધારે જરૂર હતી.

ગુરુજી હોલમાં આવ્યા હતા અને બોલ્યા હતા. તેમની ઉપસ્થિતિએ દરેકજણને આશ્ચર્યચકિત કરી દીધા હતા. બીજી નવાઈ એ હતી કે તેમની ઓફિસમાં ભાઈ કમલેશ સાથે સમય ગાળ્યો હતો જેમાંથી પ્રેમની ધારા વહી હતી.

એક અઠવાડિયું ઘણું ટૂંકું હતું પણ અમે જે પ્રાપ્ત કર્યું હતું તે આવનારા યુગો સુધી ટકી રહેશે. 'તેમણે' આપેલી હાલતને ટકાવી રાખવા માટેની જવાબદારી હવે આપણી છે. આ પ્રવાસ આનાથી વધારે સારો હોઈ જ ન શકે, માટે ફાયદાકારક અને ફળદાયક મુલાકાતનો દરેકે આનંદ માણ્યો હતો.

## ઈ–ફેસીલીટેટર હેલ્પ ડેસ્ક, લખનૌ

લખનૌ આશ્રમે ઈ–ફેસીલીટેટર હેલ્પ ડેસ્કનો પરિચય એવા અભ્યાસીઓને કરાવ્યો હતો જે અભ્યાસીઓને ઈન્ટરનેટના ઉપયોગનો અનુભવ નથી. આ હેલ્પ ડેસ્ક અભ્યાસીઓને ઈમેઈલ્સ મોકલવાની પાયાની જાણકારી શીખવામાં, મિશનની વેબસાઈટ શોધવામાં, ડેઈલી રીફ્લેક્શન માટે સંમતિ દર્શાવવા, વ્હિસ્પર્સ ફ્રોમ ધી બ્રાઈટર વર્લ્ડ, સહજ સંદેશનાં ઓન લાઈન વિનતી ફોર્મ ભરવામાં પ્રોત્સાહન આપે છે. આ અભ્યાસીઓને ઈમેઈલ દ્વારા વર્તમાન વક્તવ્યો અને બીજી બધી છેલ્લામાં છેલ્લી ઘટનાઓ ઝડપથી પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહન આપે છે.

## મૈંગ્લોર આશ્રમની જમીન



મૈંગ્લોર બેંગલોર હાઈવે પર, મૈંગ્લોરથી 18 કીમી દૂર બન્ટવલ તાલુકમાં જ્યારે 12 એકરનો પ્લોટ ખરીદવામાં આવ્યો તે પછી જ મૈંગ્લોરના અભ્યાસીઓની ધ્યાન માટેની હંમેશ માટેની જગ્યા શોધવાનો અંત આવ્યો હતો. આ જગ્યા કેનેરા એન્જીનીયરીંગ કોલેજની સામે હાઈવેથી 5 કીમી દૂર આવેલી છે. 4 એકરમાં આશ્રમનું બાંધકામ કરવામાં આવશે અને 8 એકર અભ્યાસીઓને રહેણાંક કોલોની માટે ફાળવવામાં આવી છે.

19મી સપ્ટેમ્બર, 2012ના રોજ બાંધકામ શરૂ કરતાં પહેલાં સત્સંગ રાખવામાં આવ્યો હતો. ગુરુજીએ તેમના આશીર્વાદ પાઠવ્યા હતા અને ભાઈ કમલેશ પટેલે સલાહ આપી હતી કે દરેક અભ્યાસીએ મનને વધારે સ્પષ્ટ કરવા માટે આગલે દિવસે પણ ધ્યાન કરવું જોઈએ. મૈંગ્લોર, પુત્તુર અને મૈસૂરથી આવેલા 50 અભ્યાસીઓએ સત્સંગમાં ભાગ લીધો હતો. ગુરુજીની કૃપાથી વાતાવરણ દિવ્ય થઈ ગયું હતું. સત્સંગ પછી, 'સહજ માર્ગના સિધ્ધાંતો' ભાગ 15માં પ્રકાશિત કરવામાં આવેલો ગુરુજીનો સંદેશ ભાઈ પ્રસાદ ક્રિષ્નાએ વાંચ્યો હતો. ત્યાર પછી તેઓ બોલ્યા હતા અને ભાઈ સુબ્રાયએ કરેલી સરસ કામગીરીની કદર કરી હતી. ભાઈ રાધાક્રિષન, ભાઈ અન્નાજી રાવ અને બહેન નલીની પણ બોલ્યાં હતાં. સ્વ. ભાઈ સરનાડે લખેલું ભજન બહેન વનજાક્ષીએ ગાયું હતું. સત્સંગ પછી તરત જ, રસ્તાઓ બાંધવાનું અને નકશાની તૈયારીઓ કરવાનું શરૂ થયું હતું. સત્સંગ કરાવવા માટે કામચલાઉ ધ્યાન કક્ષ જલ્દીથી શરૂ થઈ જશે.



# યુવાનો માટેના કાર્યક્રમો

## યુવાનો માટેનો કાર્યક્રમ, કોલકાતા

14મી અને 15મી ઓક્ટોબરે બીએમએ ખાતે લગભગ પચ્ચીસ અભ્યાસીઓ એકત્રીત થયા હતા. સત્સંગ અને નાસ્તો કર્યા પછી, લીના દવે દ્વારા તેઓએ 'અભ્યાસમાં મૂળ તત્ત્વોને પાકાં કરવા' માટે વિશિષ્ટ કાર્ય પાર પાડવાના એક ભાગ તરીકે 'પ્રાર્થના' ને લીધી હતી. દરેક અભ્યાસીએ જોયું કે તેઓ પ્રાર્થનાનો ગહન અર્થ સમજ્યા છે. સાંજે, ગુરુજીએ 'સેવા' પર આપેલાં બે વક્તવ્યો સંભળાવવામાં આવ્યાં હતાં.

15મીએ, અભ્યાસીના જીવનમાં, ત્રણ 'એમ' ના મહત્ત્વ પર છ પ્રશ્નો સહિત આત્મ નિરીક્ષણનો કાર્યક્રમ રાખ્યો હતો. આ એક માત્ર સ્વ મૂલ્યાંકન માટેની જ તક ન હતી પણ પ્રેરણાજનક કાર્યક્રમ પણ હતો જેમાં અનુભવોની પણ આપ લે થઈ હતી.

સાંજે, ખરગપુર ખાતેના ફેસ્ટનો વિડિયો બતાવવામાં આવ્યો હતો અને અભ્યાસીઓને હવે પછી થનારા યુવા કાર્યક્રમમાં હાજર રહેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તે પછી, 'સેવા' પર ગુરુજીનું બીજું વક્તવ્ય સંભળાવવામાં આવ્યું હતું.

બે દિવસના મુકામ દરમિયાન, યુવાનોને તેમની વ્યક્તિગત સાધના યોગ્ય સમયે કરવા માટે શિસ્તબધ્ધ જીવન જીવવા માટે પ્રેર્યા હતા. સાજે 4 વાગે સીટીંગ પછી કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. યુવા અભ્યાસીઓ આશ્રમમાં બે દિવસ રહ્યા હતા. રસોડાના સ્વયંસેવકો અને આશ્રમ મેનેજર એમની સાથે જોડાયા હતા અને અભ્યાસીઓના આ જૂથે ખાસ બંધન વિકસાવ્યું હતું.

## અહમદનગર સેન્ટર, મહારાષ્ટ્ર

26મી ઓગસ્ટે યુવાનો માટેના કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં 18થી 25 વર્ષની વયના આઠ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ યુવા અભ્યાસીઓને સક્રિયપણે ભાગ લઈને તેમના કેન્દ્રનો વિકાસ કરવા પ્રોત્સાહિત કરવાનો હતો. પ્રવૃત્તિનો આરંભ ભજનથી થયો હતો, તે પછી નાટક રાખવામાં આવ્યું હતું જે સંસ્કારોના કાર્ય ઉપર આધારિત હતું 'આકાંક્ષી અભ્યાસીઓને સહજ માર્ગની સમજ કેવી રીતે આપવી' અને 'ભૌતિક અને આધ્યાત્મિક જીવનનું સંતુલન' એ વિષયો પર ભાષણો અને ચર્ચાઓ રાખવામાં આવી હતી. કાર્યક્રમનું સમાપન કરવા 'યુરોપિયન યુવા સેમિનાર' વિડિયો બતાવવામાં આવ્યો હતો. બધા જ અભ્યાસીઓએ બધી જ ચર્ચાઓમાં ઉત્સાહપૂર્વક અને સક્રિયરૂપે ભાગ લીધો હતો. કાર્યક્રમ મનોરંજક અને અસરકારક હતો.




## ધી ગ્લોબલ યુથ નેટવર્ક

સહજમાર્ગના યુવાનો માટે સાર્વત્રિક સામાજીક સમાનતા સર્જવાની આ પહેલ છે. ઈન્ટરનેટ સાહજીક પ્રારંભિક બિંદુ બની ગયું હતું અને પ્રતિકાર ન થઈ શકે તેટલો ભાગ લેવાને લીધે, વેબ સાઈટનો ઉપયોગ કરનારાઓને તેનો પરિચય આપવામાં આવ્યો હતો જેથી અભ્યાસીઓ જોડાઈ શકે અને સાયબર સંમેલન 'વેબીનાર'માં ભાગ લઈ શકે. આ નેટવર્ક સહજ માર્ગના આકાંક્ષીઓને પ્રોત્સાહન આપશે અને આ યોજનાઓને આગળ ધપાવવા માટે મોટી સંખ્યામાં સ્વયંસેવકોને ઝડપથી ભેગા કરવાનું એક માધ્યમ બનશે.

યુવા અભ્યાસી દેખીતી રીતેજ કાં તો એકલો હોય છે કાં તો તાજેતરમાં જ પરણેલો હોય છે. ઘણા ભણી રહ્યા હોય છે અથવા તેમની કારકિર્દીની શરૂઆત કરી રહ્યા હોય છે. જીવન ક્રિયાશીલ અને કાર્યરત અને પ્રલોભનો અને મહત્ત્વાકાંક્શાઓની દુનિયાથી ઘેરાયેલું હોય છે. એ અવધિમાં અભ્યાસ કરવો કદાચ અતિશય કટોકટી ભર્યો હોય છે તેમછતાં માર્મિકરીતે ઘણીવાર અતિશય ઉપેક્ષિત હોય છે.

પહેલું વેબીનાર 29મી જૂને થયું હતું. યુવાનોને મિશનમાં સમાવિષ્ટ થવા ભાઈ બીલ વેકોટે પ્રોત્સાહિત કર્યા હતા અને ભાઈ સંતોષ કાનજીએ અભ્યાસમાં શિસ્તના મહત્ત્વ પર ભાર આપ્યો હતો.

15મી ઓગસ્ટે એક જૂથ ફરીથી ઓનલાઈન પર એકત્રિત થયું હતું. તેઓ કેલીફોર્નિયા, ઓસ્ટ્રેલિયા, લેટિન અમેરિકા, યુરોપ, મિડલ ઈસ્ટ અને ભારતમાંથી હતા. પ્રેરણાજનક અને સુંદર રજૂઆતોથી અવકાશ અને સમયની સીમાઓની પાર જઈને પ્રેમનું વાતાવરણ ઉભું થયું હતું.

સમાચારો અને આમંત્રણોને નોંધાવવા માટે:

https://docs.google.com/spreadsheet/viewform?formkey=dE8wRmdCR2txVkNlcXAtTmNCX2d3UHc6MA#gid=o

## સહજ પર્યટન, ભીલવાડા, રાજસ્થાન

29મી સપ્ટેમ્બરે બાવીસ યુવાનો અને અભ્યાસીઓનાં બાળકો હરીણી મહાદેવ નામના ઉજાણીના સ્થળે એકત્રિત થયા હતા. પસંદ કરેલો વિષય હતો 'હાર્ટ ઓફ ધી લાયન', જેના પર આગેવાનીનાં લક્ષણો અને નીડરપણાની ચર્ચા કરવામાં આવી હતી. સવાલ જવાબનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં ભાગ લેનારાઓના જવાબો ગુરુજીના રમૂજી પ્રસંગો સાથે મળતા આવતા હતા. એક રમત જેમાં ત્રણ જૂથોને બોલ્યા વગર વાતચીત કરવાનું કહેવામાં આવ્યું હતું જે આનંદપ્રમોદ પુરું પાડનારું અને વિચાર પ્રેરક હતું. આ ઉજાણીની ભાગ લેનારા દરેક વ્યક્તિએ યોગ્ય કદર કરી હતી.



## એનએસએસ કેમ્પ– તિરુપ્પુર ડાયમંડ જુબીલી પાર્ક



તારીખ 23થી 29 સપ્ટેમ્બરસુધી સાઠ વિદ્યાર્થીઓ માટે એનએસએસ કેમ્પનું આયોજન નીન્જપ્પા કોર્પોરેશન હાઈસ્કૂલ અને કેએસસી ગવર્નમેન્ટ હાઈસ્કૂલના સહકારથી ડી જે પાર્ક તિરુપ્પુર ખાતે કરવામાં આવ્યું હતું.

23મીની સાંજે, બે શાળાઓના હેડમાસ્ટર અને વિવિધ શાળાઓના શિક્ષકોએ ઉદઘાટન સમારોહમાં ભાગ લીધો હતો. માર્ગ સલામતી, પ્લાસ્ટીકનું નિવારણ, ડેન્ગ્યુ તાવ, પ્રાથમિક સારવાર અને વૃક્ષારોપણની સભાનતાના જેવા વિવિધ સમાજસેવી કાર્યક્રમોનું આયોજકો અને અભ્યાસીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. સાંજના કાર્યક્રમમાં, કોચડાનો કાર્યક્રમ, 'વિવેકાનન્થર અને આધ્યાત્મિકતા' ઉપર ભાષણ અને પ્રકૃતિની સાચવણી પર ભાર આપતી ટૂંકી ફિલ્મનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

29મીએ, પાલાનીસામીની પંચાયતના અધ્યક્ષે આશીર્વાદાત્મક કાર્યક્રમનું પ્રમુખસ્થાન લીધું હતું અને દક્ષિણ તિરુપ્પુરના ડીએસપી રાજારામે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રનું વિતરણ કર્યું હતું. બંને શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકો ડીજે પાર્કમાં સાત દિવસ સુધી રહ્યા હતા. આપણા ગુરુજી અને સહજમાર્ગ અભ્યાસ વિષે જાણવાની એ બધાજ મુલાકાતીઓ માટે એક તક હતી.

## મદુરૈઆશ્રમ ખાતે આધ્યાત્મિક સેમિનાર

પ્રાદેશિક કો–ઓર્ડીનેટર ભાઈ એન. પ્રકાશ અને ઝેડઆઈસી ભાઈ વિશ્વનાથ રાવે 28થી 30મી સપ્ટેમ્બર સુધી ત્રણ દિવસના આધ્યાત્મિક સંમેલનનું આયોજન કરવા માટે મદુરાઈ આશ્રમની મુલાકાત લીધી હતી. મદુરૈ અને આજુબાજુના કેન્દ્રોમાંથી આવેલા 625 અભ્યાસીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

28મીએ સાંજે, 5:15 વાગે સત્સંગથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. સાંજના ભોજન અને વૈશ્વિક પ્રાર્થના પછી, રાત્રે 9:15 વાગે બીજા સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ભાઈ પ્રકાશે સમજાવ્યું હતું કે આ આધ્યાત્મિક સંમેલન અતિ આવશ્યક હતું અને બંને સત્સંગોની વચ્ચેના સમયગાળામાં બધા જ અભ્યાસીઓએ શક્ય હોય તેટલી વધારે વખત ધ્યાન કરવું જોઈએ અથવા મિશનનાં પુસ્તકો વાંચવાં જોઈએ અથવા મૌન ધારણ કરીને ગુરુજીની કૃપાને

## તામિલનાડુના દક્ષિણ વિસ્તારમાં ઝેડઆઈસીની મુલાકાત



તામિલનાડુ (દ)ના ઝેડ આઈ સી ભાઈ ટી.વી. વિશ્વનાથ રાવે 22થી 26 ઓગસ્ટ સુધી તિરુનેલ્વેલિના દક્ષિણના જીલ્લાઓનો અને તૂતુકુડિનો પ્રવાસ કર્યો હતો. તેમણે મિશનનાં છિન્નવલ્લિક્કુલમ, સિવકાસિ, કોવિલ્પટ્ટિ, તૂતુકુડિ, તિરુનેલ્વેલિ, ચેરન્મહાદેવિ, વલ્લિયૂર, કલક્કાડ્, કોટૈક્કરુન્ગુલમ અને વડક્કન્કુલમ કેન્દ્રોની મુલાકાત લીધી હતી. અભ્યાસીઓની ઓછી સંખ્યા ધરાવતા સેલૂર અને અલમરથ્થુપટ્ટિમાં અભ્યાસીઓ માટે નવાં કેન્દ્રોનું ઉદઘાટન કર્યું હતું.
નેશનલ થર્મલ પાવર સ્ટેશન અને હોલી ક્રોસ હોમ સર્વીસ કોલેજ ખાતે તૂતુકુડિમાં ભાઈ રાવે ઓપન હાઉસમાં બધાને સંબોધિત કર્યા હતા. સમૂગરેંગપુરમ અને મુક્કૂડલ એમ બીજી બે જગ્યાઓ હતી. આ પ્રવાસ દરમિયાન, ઘણી જગ્યાઓએ નવા ઈચ્છુકોને પ્રારંભિક બેઠકો આપવામાં આવી હતી જેના પરિણામે તામિલનાડુના આ વિસ્તારમાં મિશનની વધારાની પ્રવૃત્તિઓમાં ઉત્તેજના આવી હતી.

અને પ્રાણાહુતિને પચાવવાં જોઈએ અને પોતાનાં હૃદયોના ઊંડાણમાં જઈને આત્મ–નિરીક્ષણ કરીને તેમની અંદર જ ગુરુજીની ઉપસ્થિતિનો અનુભવ કરવો જોઈએ.

અભ્યાસીઓને તેમની આંતરિક હાલત અને આવેલા ફેરફારો તેમની ડાયરીમાં લખી લેવા માટે પણ વિનંતી કરવામાં આવી હતી. ડાયરી લખવાનું મહત્ત્વ અને ધ્યાન કરતાં પહેલાં અને પછી તેમની આંતરિક હાલતોનું વાંચન કરવા માટેનાં સૂચનોને સમજાવતાં ચોપાનિયાં દરેક જણને આપવામાં આવ્યાં હતાં.

29મીએ, ચાર સત્સંગ કરાવવામાં આવ્યા હતા અને ભાઈ પ્રકાશે દરેક સત્સંગ પછી 'વ્હીસ્પર્સ ફ્રોમ ધી બ્રાઈટર વર્લ્ડ'ના સંદેશાઓ વાંચ્યા હતા. 30મીએ, રવિવારનો સત્સંગ 7:30વાગે કરાવવામાં આવ્યો હતો અને 11:30 વાગે ભાઈ પ્રકાશે કરાવ્યો હતો. સતસંગ પછી, ભાઈ રાવે કહ્યું હતું કે આ આધ્યાત્મિક સંમેલનથી અભ્યાસીઓને તેમની પોતાની ઉપર જ કાર્ય કરવામાં મદદ મળશે. ભાઈ પ્રકાશે કહ્યૂ હતું કે આપણા ગુરૂદેવની ઈચ્છા અનુસાર આપણે પ્રેમ, સુમેળ અને સમાજમાં શાંતિના વાહકો બનવું જોઈએ.

# તાલિમ કાર્યક્રમો

## પ્રકાશન કાર્યશાળા,મેંગલોર, કર્ણાટક



મેંગલોર કેંન્દ્ર ખાતે 58 અભ્યાસીઓ માટે "અનુભવોનું આદાન–પ્રદાન અને મીશનના સાહિત્યને વાંચવાનો આનંદ" એ વિષય ઉપર એક દિવસીય કાર્યશાળાનું સંચાલન કરવામાં આવ્યું હતું. કાર્યશાળામાં વાંચનની અગત્યતા, આપણે શા માટે વાંચવું જોઈએ, તેના આધ્યાત્મિક લાભ, વાંચન કરવા માટેનું વલણ, અને આપણું આધ્યાત્મિક લક્ષ્ય સિધ્ધ કરવામાં પુસ્તકોનું માર્ગદર્શન જેવા વિષયો સામેલ કરવામાં આવ્યા હતા. રજૂઆત દરમ્યાન ગુરુજીના પ્રવચનોની કેટલીક દ્રશ્ય અને શ્રાવ્ય સીડીના ભાગ દર્શાવવામાં આવ્યા હતા જે જ્ઞાન અને માહિતી સભર હતા. સત્રનું સમાપન સત્સંગ દ્વારા કરવામાં આવ્યું.

## પ્રશિક્ષક પરિસંવાદ, કેરાલા

23મી સપ્ટેમ્બરના રોજ, ઉત્તર મલબાર કેન્દ્રના પ્રશિક્ષકો તલશ્શેરિ ખાતે કેન્દ્રોના વિકાસ માટેના વિવિધ મુદ્દાઓની અને એક દિવસીય કાર્યક્રમોના વ્યવહારુ મુદ્દાઓની ચર્ચા કરવા એકત્રિત થયા હતા. એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે એક દિવસીય કાર્યક્રમ દરમ્યાન પસંદ કરેલા વિષયોથી ચલિત થવું નહીં અને બધા અભ્યાસીઓને પોતાની જાતને અભિવ્યક્ત કરવા માટે તક આપવી. શક્ય હોય ત્યાં સુધી ઉદાહરણો સહજ માર્ગના સાહિત્યમાંથી જ ટાંકવા. 23મી ઓક્ટોબરે'વ્હિસ્પર્સ ફ્રોમ ધી બ્રાઈટર વર્લ્ડ'માંના સંદેશાઓ ઉપર આધારિત એક દિવસીય કાર્યક્રમનું સંચાલન કરવાનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો હતો.

## પ્રકાશન પ્રવૃત્તિ વધારવી, મૈસૂર

જીલ્લા સ્તરનો, પ્રકાશન વિભાગના સ્વયંસેવકોની કાર્યશાળાનું મૈસૂર ખાતે 1લી તથા 2જી સપ્ટેમ્બરે સંચાલન કરવામાં આવ્યું હતું જેમાં પંદર કેન્દ્રોના બેંતાળીસ અભ્યાસીઓએ ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆત 'સાધના–અસરકારક સ્વયંસેવા માટેનો પાયો' એ વિષય ઉપરના સત્રથી થઈ હતી. પ્રકાશન પ્રવૃત્તિના ઘટકો જેવા કે સ્વયંસેવકો, વિષયો, આધાર–માળખું, વેચાણ અને વિતરણ જેવા મુદ્દાઓ વિગતવાર ચર્ચવામાં આવ્યા હતા સ્વયંસેવકો દ્વારા મીશનના સાહિત્યના વાંચન ઉપર ભાર મુકાયો હતો. જીલ્લાવાર આયોજનો અને માર્ગદર્શિકાઓની ચર્ચા કરવામાં આવી હતી અને જીલ્લાના સંકલનકારોએ દરેકના લાભાર્થે તેમની યોજના રજૂ કરી હતી.



## 'અવલોકન' બેંગલોર, કર્ણાટક

તા.8મી અને 9મી સપ્ટેમ્બરે બાણાશંકરી આશ્રમ ખાતે કન્નડ ભાષામાં એક ઉચ્ચ સ્તરીય તાલિમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આશરે 175 અભ્યાસીઓએ ભાગ લીધો હતો. અભ્યાસીઓ સહજ માર્ગના સૂક્ષ્મ અને વધારે ઊંડા ખ્યાલોને સમજે અને તેનું આત્મદર્શન કરે તે આ કાર્યક્રમનો હેતુ હતો. જે વિષયો પસંદ કરવામાં આવ્યા હતા તેમાં સહજ માર્ગનું તત્વજ્ઞાન, સાધનાના સૂક્ષ્મ પાસાઓ, સહજ માર્ગ એક જીવનશૈલી, ગુરુજીની આપણા વિકાસમાં અને તેમની સાથેના સંબંધોમાં ભૂમિકા, આપણી આધ્યાત્મિક યાત્રામાં પ્રેમના તબક્કાઓ, પ્રગતિ, પરિવર્તન અને આત્મનિરીક્ષણ હતા. બધા સક્રિયપણે ભાગ લે તે સુનિશ્ચિત કરવા પ્રશ્નોત્તરી સત્ર, ગુરુજીના અવતરણોના આધ્યાત્મિક અર્થ ઉપર અભ્યાસીઓ દ્વારા સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હતુ.

## કન્નડ ભાષાંતર તાલિમ કાર્યક્રમ



કન્નડ ભાષાંતર માટેનો તાલિમ કાર્યક્રમ બે તબક્કામાં ગોઠવવામાં આવ્યો હતો. પહેલો તબક્કો 17મી જૂન અને બીજો તબક્કો 5મી ઓગસ્ટ્ના રોજ રાખવામાં આવ્યો હતો. તેનો હેતુ રસ ધરાવતા અભ્યાસીઓને ગુરુજીના પ્રવચનોનું, પુસ્તકોનું, વીડીઓના પેટામથાળ વગેરેનું અંગ્રેજીમાંથી કન્નડમાં ભાષાંતર હાથ ઉપર લેવા માટે તાલિમ આપવાનો હતો જેથી ભાષાંતરકારોની યાદી વિસ્તૃત થઈ શકે અને ગુણવત્તાવાળું કામ નિશ્ચિત સમયગાળામાં થાય તે નક્કી થઈ શકે. આ કાર્યક્રમનું સંચાલન ભાઈ રામ શાસ્ત્રી અને ભાઈ સુબ્રમન્ય બી.જી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં સત્તર અભ્યાસીઓએ ભાગ લીધો હતો.પહેલા તબક્કામાં, તાલિમાર્થીઓને સહજ માર્ગના સાહિત્યમાંથી થોડા અંગ્રેજી ફકરા આપવામાં આવ્યા હતા અને તેનું ભાષાંતર રજૂ કરવા કહેવામાં આવ્યું હતું. બીજા તબક્કામાં કેટલાક પસંદ કરેલા આડા અવળા ફકરાના ભાષાંતરોનો તુલનાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો. હકારાત્મક લક્ષણો અને ઉણપો વિષે ચર્ચા કરવામાં આવી હતી. ભાષાંતર માટે અને ત્રિમાસીક સામયિકમાં લેખ લખવા વિષે થોડા સૂચનો પણ અપાયા હતા. કાર્યક્રમ હેતુલક્ષી હતો અને તાલિમાર્થીઓને તે ઘણો ઉપયોગી જણાયો હતો.

# દિશા સૂચન






## અમદાવાદ, ગુજરાત

એક નવી પહેલના ભાગ રૂપે, સી.આઈ.સી, ભાઈ જીગ્નેશ શેલતે, 'જીવનના સાચા લક્ષ્યને સમજવું' એ વિષય ઉપરની કાર્યશાળામાં ભાગ લેવા માટે મહાશાળાના વિદ્યાર્થીઓને અમદાવાદ આશ્રમમાં આમંત્રિત કર્યા હતા. 7મી ઓગસ્ટ, 2012ના રોજ, આઠ સંસ્થાઓમાંથી આવેલા આશરે 67 વિદ્યાર્થીઓએ આ કાર્યશાળામાં ભાગ લીધો. કાર્યક્રમની શરૂઆત પ્રેઝન્ટેશનથી કરવામાં આવી અને ત્યાર બાદ વિદ્યાર્થીઓને પાંચ વિષયો ઉપર સમૂહ ચર્ચામાં સક્રિયપણે ભાગ લેવા માટે કહેવામાં આવ્યું. કાર્યશાળાનો ઉપસંહાર કરતા, સહજ માર્ગ, ધ્યાન પધ્ધતિ માર્ગ ઉપર ખુલાસો કરવામાં આવ્યો અને ઘણાએ આ પધ્ધતિમાં જોડાવા માટે રસ દર્શાવ્યો હતો. સમગ્ર કાર્યશાળા દરમ્યાન પ્રિય ગુરુજીની કૃપા અનુભવાઈ હતી.

## તિરુવનન્તપુરમ, કેરાલા

ઈન્ફોસીસ અને અર્ન્સ્ટ એન્ડ યન્ગ કંપનીઓ ખાતે તેમની સંબંધિત માનવ સંસાધન વિભાગની ટીમના આમંત્રણ બાદ ત્રણ ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતુ. પ્રસંગનું સંચાલન ઈન્ફોસીસના ટેક્નોપાર્ક ખાતે 9મી અને 13મી ઓગસ્ટના રોજ કરવામાં આવ્યું અને અર્ન્સ્ટ એન્ડ યન્ગ માટે 6ઠી સપ્ટેમ્બરના રોજ કરવામાં આવ્યું. બંન્ને કંપનીઓએ તેમના બધા કર્મચારીઓને અઠવાડીયા અગાઉ આમંત્રણ મોકલી આપ્યું હતું. સત્રની શરૂઆત ધ્યાન દ્વારા કેવીરીતે, કાર્ય અને જીંદગી વચ્ચે સંતુલન, આંતરિક શાંતિ, સંઘ ભાવનાનો સુમેળ જાળવી શકાય, અને ધ્યાન વ્યક્તિના ખરા પરિવર્તનમાં કેવી રીતે મદદ કરે છે તેના ઉપરની ચર્ચા દ્વારા કરવામાં આવી હતી. ત્યાર બાદ, ધ્યાનનો હેતુ, હૃદય ઉપરનું ધ્યાન, માર્ગદર્શકની જરૂરીયાત, એસ.આર.સી.એમ.ની પ્રવૃત્તિઓ જેવા વિવિધ પાસાઓની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. સત્રોની વચ્ચે સહભાગીઓએ સક્રિયપણે અને ઉત્સાહપૂર્વક પોતાની જાતને પ્રશ્નો દ્વારા કાર્યક્રમમાં રોકી રાખી હતી જેથી થોડો વિરામ મળ્યો હતો.

## લામ્ડિંગ, આસામ

1લી સપ્ટેમબરના રોજ, આસામના, ગૌહાટી નજીક આવેલી લામ્ડિંગ તરીકે જાણીતી નાની જગ્યાએ એક ઓપન–હાઉસનું સંચાલન કરવામાં આવ્યું હતું. ભાઈ અવિજીત ડેએ આ ઓપન–હાઉસને એવી જગ્યાએ રાખ્યું હતું કે જ્યાં સહજ માર્ગનો કોઈ જ ઈતિહાસ નથી ત્યાં તેને શક્ય બનાવવા માટે ઘણી મહેનત કરી. વિદ્યાર્થીઓ, શિક્ષકો, વકીલો અને વેપારીઓ સહિતના ચોત્રીસ ઉત્સાહી જિજ્ઞાસુઓના સંમેલનને ભાઈ અશોક સેનગુપ્તાએ સંબોધન કર્યુંહતું. જેમાં તેમણે 'માનવ જીવનમાં ધ્યાનની ભૂમિકા' વિષય ઉપર ભાર મુક્યો. મોટા ભાગના સહભાગીઓ બંગાળી ભાષા બોલનારા હતા, તેથી આ સત્રનું બંગાળી ભાષામાં આયોજન કરવામાં આવ્યં હતું. ઝેડ.આઈ.સી ભાઈ ધાની ચંદ અને ભાઈ રાજુ શર્મા પણ હાજર રહ્યા હતા. કુલ ચૌદ જિજ્ઞાસુઓ અભ્યાસી બન્યા હતા અને બીજા પાંચ પછીના અઠવાડીએ શરૂ કરશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે

## પ્રોદ્દુતૂર, આંન્ધ્ર પ્રદેશસ

એન્જીનીયર એસોસીએશના આમંત્રણ દ્વારા કડાપા જીલ્લાના પ્રોદ્દુતૂર નજીક આવેલા રાયલાસીમા થર્મલ પાવર પ્લાન્ટના આશરે 150 ઈજનેર કર્મચારીઓ માટે 1લી સપ્ટેમ્બરના રોજ એક ઓપન–હાઉસનું સંચાલન કરવામાં આવ્યું. ભાઈ ટી. બીક્ષમે ધ્યાનની સહજ માર્ગ પધ્ધતિ, ધ્યાનનું મહત્વ અને આપણી પધ્ધતિના આકર્ષક પાસાઓ ઉપર જ્ઞાનવર્ધક પ્રવચન કર્યું હતું. સહભાગીઓ ખરેખર પ્રેરિત અને પ્રભાવિત થયા હતા અને તેમનામાંથી પાંત્રીસ સહભાગીઓએ અભ્યાસ શરૂ કર્યોહતો.

તે જ દિવસે આજુ–બાજુના કેન્દ્રોના અભ્યાસીઓ માટે એક સ્નેહ–સંમેલન પણ આયોજીત કરાયું હતુ પ્રોદ્દુતૂર એક નાનું કેન્દ્ર હોવા છતાં ભાઈ એમ. આર. ગંગાધર, ઝેડ. આઈ.સીની અને ભાઈ ટી. બીક્ષમ દ્વારા સંચાલિત આ કાર્યક્રમમાં 300 અભ્યાસીઓ એકત્રિત થયા હતાં.

## શ્રીનગર, જમ્મુ અને કાશ્મીર

સી. આર. પી. એફના અધિકારીઓ અને તેમની પત્નિઓ માટે આયોજીત એક ઓપન–હાઉસનું સ્થળ કેન્દ્રીય રીઝર્વ પોલિસ બળનુ પ્રાંગણ હતું. ડી. આઈ. જી. ભાઈ સંદિપ દત્તાના, પત્નિ બહેન રજની દત્તાએ વીસ સહભાગીઓ માટે શરીર અને મનની સુસંગતતાના મુલ્યાંકન માટેના અભ્યાસનું સંચાલન કર્યું. બહેન





ચંદ્રકાંતા અને બહેન રજની દત્તા દ્વારા 'સુખી પરિવાર', "નારીની જવાબદારીઓ" વિષય ઉપર પ્રેઝન્ટેશન રજૂ કરાયા હતા. માનવ મનના પ્રારંભિક પાયાના ડરો અને ચિંતાઓથી શરૂ કરી ઉચ્ચતર સ્વ જે આપણી આંતરિક શાંતિનો સમુદ્ર છે ત્યાં સુધી પહોંચવા માટેની આંતરિક પરિવર્તનની યાત્રાને રજૂ કરવામાં આવી હતી. ઘણા અભ્યાસ શરૂ કરવાને ઉત્સાહી હતા તેઓ તે હકીકત સાથે જોડાયેલા રહ્યા કે તેમની વર્તણુંક તેમના આંતરિક મુલ્યોમાંથી ફૂટી નીકળે છે જેને બાળકો, વર્તણુંકના એક મોડેલ તરીકે ગ્રહણ કરે છે.

આવા જ પ્રકારનું બીજું એક સંમેલન 82મી બેટાલીયન, સી.આર.પી.એફના અધિકારીઓ અને જવાનો માટે શ્રીનગર ખાતે 2જી સપ્ટેમ્બર, 2012ના રોજ રાખવામાં આવ્યું હતું.

## મૈંગલોર, કર્ણાટક.

આશરે 200 ની સંખ્યામાં શ્રીનિવાસ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝના પ્રથમ અને અંતિમ વર્ષના એમબીએના વિદ્યાર્થીઓ માટે, બી.એડ્ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ, અને કર્મચારી ગણ માટે 14મી સપ્ટેમ્બરના રોજ એક ઓપન-હાઉસનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેની સંખ્યા 200ની આસપાસ હતી. ભાઈ પ્રસાદ કૃષ્ણાએ સહજ માર્ગ ઉપર વાર્તાલાપ કર્યો. ધ્યાનની પધ્ધતિ ઉપર આચાર્ય અને ઉપાચાર્ય સહિત ઘણા સહભાગીઓ દ્વારા ઘણા રસસ્પદ સવાલો ઉઠાવાયા હતા. ઘણા વિદ્યાર્થીઓએ માહિતી પત્રિકાઓ ભેગી કરી અને કેટલાકે અભ્યાસ શરૂ કરવા માટે ઊંડો રસ દાખવ્યો હતો.

## નેલ્લૂર, આંન્ધ્ર પ્રદેશ

21મી સપ્ટેમ્બર, 2012ના રોજ, આંતરરાષ્ટ્રીય શાંતિ દિન ઉપર, નારાયણ કોલેજ ઓફ ફાર્મસી, નેલ્લૂર ખાતે, વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વહીવટી કર્મચારીઓ માટે 'મુલ્યો ઉપર આધારિત આધ્યાત્મિક શિક્ષણ' અને 'ધ્યાનની અગત્યતતા' વિષયો ઉપર જાગૃતિ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. માનવ મુલ્યો ઉપર બોલતા બહેન ઉમા ગંગાધરે પરિવારના સભ્યો પ્રત્યે પ્રેમ અને અનુરાગ તથા સમાજ પ્રત્યે દયા, કરૂણાની ભાવના વગેરે વિકસાવવાની જરૂરીયાત અભિવ્યક્ત કરી હતી. ભાઈ ગંગા પ્રસાદે ધ્યાન કેવી રીતે વધારે એકાગ્રતા તરફ દોરી જાય છે અને માનવ જાતમાં કેવી રીતે આધ્યાત્મિક ક્ષમતાને જગાડે છે, તે સમજાવ્યું હતું. ભાઈ વીરભદ્રા રાવ અને આચાર્ય ચક્કા ગોપીનાથે ધ્યાન કેવી રીતે શાંત અને સ્વસ્થ મન તરફ દોરી જાય છે અને મુલ્યો ઉપર થોડા વધારે મુદ્દાઓ આવરી લઈ સત્રનું સમાપન કર્યું હતું. કાર્યક્રમને વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો

## બુચ્ચિરેડ્ડિપાલેમ, નેલ્લૂર, આંન્ધ્ર પ્રદેશ

30મી સપ્ટેમ્બરે, એક દિવસીય કાર્યક્રમનું અને ઓપન-હાઉસનું સંચાલન કરવામાં આવ્યું. બુચ્ચિરેડ્ડિપાલેમ અને સિધિપુરમ કેન્દ્રોના આશરે 96 અભ્યાસીઓએ ભાગ લીધો હતો. સત્સંગ બાદ શરૂ થયેલા ઓપન-હાઉસ સત્રમાં પંચાવન જિજ્ઞાસુઓએ હાજરી આપી હતી જે બપોર સુધી ચાલ્યો હતો. વક્તાઓએ તેમના પ્રવચનમાં 'ધર્મ અને આધ્યાત્મિકતા', 'આધ્યાત્મિકતાની જરૂરીયાત', 'ગુરુની જરૂરીયાત' જેવા વિષયોને સામેલ કર્યા હતા અને ત્યાર બાદ પ્રશ્નોત્તરિનું સત્ર હતું. બપોર બાદ, દસ નિયમોની અગત્યતા અને સાધનાના પાયાના પાસાઓ ઉપરની ચર્ચા સાથેનો કાર્યક્રમ, નિયમિત અભ્યાસીઓને લક્ષમાં રાખીને સંચાલિત કરાયો હતો.

## ખામગાવ, બુલ્ડાના જીલ્લો, મહારાષ્ટ્ર

અહીં સહજ માર્ગ થોડા વર્ષો પહેલા પરિચિત કરાયો હોવા છતાં તેની ખુશ્બુ સુષુપ્ત જણાતી હતી. આ કેન્દ્રના થોડા અભ્યાસીઓએ પોતાની ઉપર કામ કરવાની અને સાથે મળીને કામ કરવાની આંતરીક પ્રેરણા અનુભવી અને તેમના કેંન્દ્રના વિકાસ માટે ગુરુજીની મદદ માટે પ્રાર્થના કરી. ત્યાર બાદ, તેઓ જ્યાં જ્યાં ગયા, અને જે લોકોને મળ્યા તેઓએ ધ્યાન વિષે અને તેના આધુનિક જીવન સાથેની સુસંગતતા વિષે પૃચ્છા કરી અને 'સહજ માર્ગ' વિષે વધારે જાણવા ઊંડો રસ દાખવ્યો. તે પ્રમાણે નજીકના પ્રશિક્ષકે પણ તેમની મુલાકાત લીધી અને દોઢ દિવસના ટુંકા ગાળામાં પાંચ ઓપન-હાઉસનું સંચાલન કરવામાં આવ્યું હતું. જેમાં બે ઈજનેરી કોલેજના કર્મચારીગણ માટે, એક આર્ટ્સ એન્ડ સાયંન્સ કોલેજના અધ્યાપકો માટે, એક હિંદુસ્તાન યુનીલીવર કંપનીના ઉચ્ચ અધિકારી માટે અને એક કેમિસ્ટ હોલ ખાતે સામેલ હતો. સહભાગીઓમાં ઉત્સાહ વર્તાતો હતો કારણકે તેઓએ હાજર પ્રશિક્ષકો પાસે જવાનું શરૂ કરી દીધું હતું અને પ્રારંભિક સીટીંગ માટેનો સમય પણ નક્કી કરી લીધો હતો.





# હરુર આશ્રમ– તામિલનાડુ

## પ્રકાશનું કેન્દ્ર



હરુર, તામિલનાડુના ધર્મપુરી જીલ્લામાં આવેલું નાનું નગર છે. તે રાજ્યના ધોરીમાર્ગ દ્વારા મોટાં શહેરો જેવાં કે સેલમ, ધર્મપુરી અને તિરુવણ્ણામલૈ સાથે જોડાયેલું છે. જૂનું અને મનોહર મોરપ્પૂર રેલ્વે સ્ટેશન અહીંથી 10 કિ.મી. ના અંતરે છે.

25મી સપ્ટેમ્બર, 1995ના રોજ, વાસાવી મહલ ખાતે, ભાઈ શ્રી.વી.કે.સોમકુમાર દ્વારા સંચાલિત ઓપન હાઉસ દ્વારા આ કેન્દ્રની શરૂઆત થઈ હતી. હાજર રહેલા 150 લોકોમાંથી, 15 લોકોએ તે જ દિવસે સિટિંગ લીધી હતી. ઈચ્છુકો સિટીંગ આપવા માટે તિરુપુર, સ્નકગિરિ અને ધર્મપુરીથી પ્રશિક્ષકો આવ્યા હતા અને ઓકટોબર 1995થી કેન્દ્ર કાર્યરત થયું હતું.

હારુર થી તિરુપ્પતૂરના મુખ્ય રસ્તા ઉપર લગભગ પાંચ કિ.મી. ના અંતરે, હારુર આશ્રમ આવેલો છે. 1998માં જગ્યા શોધવાનું ચાલુ કર્યું હતું અને સોરિયમ્પટ્ટિમાં પાંચ એકર જમીન ખરીદ કરી હતી અને 19 એપ્રિલ, 2000 ના રોજ તેનું પંજીકરણ(રજીસ્ટ્રેશન) કરવામાં આવ્યું હતું.

17મી ફેબ્રુઆરી, 2001 ના રોજ પૂ. ગુરૂજીએ હારુર આશ્રમની મુલાકાત લીધી હતી અને ધ્યાનકક્ષનું ઉદઘાટન કર્યું હતું અને બે દિવસ માટે રોકાયા હતા. 3000 કરતાં વધારે અભ્યાસીઓ અને 500 જેટલા જિગ્નાસુઓ હાજર રહ્યા હતા. પૂ. ગુરૂજીએ તેમના વકતવ્યમાં, 'પ્રકાશના કેન્દ્રના' વિચારને વિસ્તાર્યો હતો અને કહ્યું હતું, “પણ, આ સાચે જ પ્રકાશનું કેન્દ્ર બનવું જોઈએ તે ત્યજાયેલા મંદિરની જેમ અંધકારનું કેન્દ્ર ન બનવું જોઈએ. પ્રકાશ ક્યારે આવે? ફકત ત્યારે જ, જ્યારે તમે દિવાસળી લો અને ફાનસમાં દિવેટ સળગાવો છો, ત્યારે તે પ્રકાશે છે, તે સિવાય તે ફકત અંધકાર છે. તેથી, તે આપણે જ છીએ, જેમણે આવીને પ્રકાશ ઉત્પન્ન કરવાનો છે કારણ કે પ્રકાશ તેની જાતે આવતો નથી. તેથી જ્યારે આપણે અહીં આવીએ, આપણે શુધ્ધ હૃદય સાથે આવવું જોઈએ, જો આપણે શુધ્ધ હૃદય સાથે આવીશું, તો આપોઆપ પ્રકાશ વધશે. તે તેજસ્વી બનશે.”











આશ્રમમાં સુંદર બગીચો છે, જેમાં પર્યાવરણની સાચવણી માટે ઘણાં વૃક્ષો ઉમેરવામાં આવ્યાં છે. 1000 સ્કવેર ફૂટ્ના માપનો ધ્યાન કક્ષ છે, જેની છત એસી શીટની છે અને તેનું બાંધકામ ત્રણ મહિનામાં, એટલેકે ડિસેમ્બર, 2000માં પૂરું થયું હતું. આ સિવાય ત્યાં 864 સ્કવેર ફૂટમાં, પૂરતી સંખ્યામાં શૌચાલયો અને બાથરૂમ સાથેની ડોરમેટ્રી છે. પૂ. ગુરૂજીના કોટેજની બાજુમાં, જમવાની જગ્યા ઉપર ઠંડી અને મનોહર ઘાસની છત સાથેનું પૂરતી મોકળાશ ધરાવતું (વિશાળ) રસોઈગૃહ અને પીરસવાની જગ્યા પણ છે.

16મી ઓગષ્ટ, 2007ના રોજ પૂં. ગુરૂજીએ બીજી વખત આશ્રમની મુલાકાત લીધી હતી અને સત્સંગ કરાવ્યો હતો. પૂ.ગુરુજીએ, હરુર આશ્રમ માટે સ્થાયી ધ્યાનકક્ષના બાંધકામની મંજૂરી આપી હતી.

આશ્રમની બાજુની જગ્યામાં, સાત એકરના વિસ્તારમાં, શ્રી ચારીજી નગર હાઉસીંગ કોલોની બનાવવામાં આવી હતી. રહેઠાણના હેતુ માટે, ગુરૂજી દ્વારા અભ્યાસીઓને કુલ 90 પ્લોટો વહેંચવામાં આવ્યા હતા. કોલોનીને પાણી પૂરું પાડવા માટે, 30,000 લીટર પાણીની ક્ષમતા ધરાવતી ઊંચી ટાંકી બનાવવામાં આવી છે.

ગુરૂજીની મુલાકાત બાદ, નાનાં કેન્દ્રો જેવાં કે ઉથાનગરાઈ, સિન્ગારાપેટ્ટઈ, કમ્બીનલ્લુર,બોમ્મીડી, પપ્પીરેટ્ટીપટ્ટી, મોરાપ્પુર અને કોટ્ટપટ્ટી અસ્તિત્વમાં આવ્યાં. આ બધામાં, હરુર અને તેની નીચેનાં કેન્દ્રોમાંથી લગભગ 400 અભ્યાસીઓ સહજ માર્ગનો અભ્યાસ કરે છે. સત્સંગ ઉપરાંત, કેન્દ્રની પ્રવૃત્તિઓમાં, સહજ માર્ગના ગુરુઓના જન્મ દિવસની ઉજવણીઓ, પ્રશિક્ષકોની મિટિંગ્સ અને ટ્રેનિંગ પ્રોગ્રામનો સમાવેશ થાય છે.

## ઉદઘોષણાઓ

ડૉ. સત્યા. એન. મન્ડાલ.
ઝોન–ઈન–ચાર્જ, નવી દિલ્લી એન સી આર ક્ષેત્ર

ઉપેન્દ્ર પૌલ ધવન, આઈ.આર.એસ(રીટાયર્ડ)
ડાયરેક્ટર, ક્રેસ્ટ, ખરગપુર


બ્હેન રૂપાલી ગર્ગ
આસીસટંટ. ડાયરેક્ટર, ક્રેસ્ટ–ખરગપુર

સી.એસ. રામચંન્દ્ર મુર્તી
મેન્ટેનન્સ મેનજર, ક્રેસ્ટ–ખરગપુર

જગદીશ સરન ગુપ્તા,
મેનેજર, લખનૌ આશ્રમ

ઉલ્હાસ રાવ કુમ્બલે
સી.આઈ.સી. હૈદરાબાદ કેન્દ્ર

શ્યામજી મેહરોત્રા
સી.આઈ.સી., લખનૌ કેન્દ્ર




## વ્લ્ડ હેડ ક્વાર્ટર, ચેન્નઈ ખાતે આર્કાઈવ્ઝ

આપણા મિશનના ઈતિહાસની જાળવણી માટે, વ્લ્ડ હેડ ક્વાર્ટર, મણપાક્કમની આર્કાઈવ્ઝ ટીમ દ્વારા, વિવિધ આર્ટીફેક્ટ્સ કે જેનું ઐતિહાસિક મહત્વ છે તેને ભેગી કરે છે અને જાળવે છે. જો તમારી પાસે આવી કોઈ વસ્તુઓ હોય તો (દા.ત ફ્રોટા, ઓડિયો, વિડીયો કોઈપણ માળખામાં અને ભાષાના, જૂનાં પુસ્તકો, સામયિકો અથવા કોઈપણ આર્ટીફેક્ટ્સ કે જે આપણા કોઈપણ ગુરુ દ્વારા ઉપયોગમાં લેવામાં આવ્યા હોય, મહેરબાની કરીને આર્ચીવ્સને આપી તેમાં સહભાગી થશો જેથી, તેઓ તેને ભાવિ પેઢી માટે સાચવી શકે. આર્ચીવ્સ ટીમ નો whq.archives@srcm.org. પર સંપર્ક કરો.

**To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org**
© 2011 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.